# ગુલાબ સહિતના ફૂલોના ભાવમાં થયો વધારો

## લગ્નસરાની અને ચુંટણીની મોસમ જામી એક સાથે હોવાથી : ફુલોની ડિમાન્ડ વધી







ગાંધીનગર, તા. ૨૮
શહેર માં એક તરફ લગ્નસરાની મોસમ તો બીજી તરફ ચૂંટણીનો માહોલ છે. જેને લઈને ફૂલ બજારની રોનક વધી ગઈ છે. જોકે હાલ લગ્ન સિઝન ચાલતી હોવાના કારણે ફૂલોના ભાવમાં પણ તેની અસર જોવા મળી રહી છે. પરંતુ ૮ ડિસેમ્બરે જ્યારે ચૂંટણીના પરિણામો હશે ત્યારે ફૂલોના ભાવ આસમાને પહોંચશે.મોંઘવારી દિવસે દિવસે બેકાબૂ બની રહી છે.

લગ્નની મોસમ માં ફૂલો નો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે આ ઉપરાંત ચુંટણી પ્રચાર માં ગુલાબ ના હાર ની ડિમાન્ડ વધી ગઈ છે.ઉમેદવારો ના કાર્યકર્તાઓ દ્વારા મોટી સંખ્યા માં ફૂલના હાર ની ખરીદી થઈ રહી છે તેથી ફૂલોના વેપારીઓ માં આનંદનો છવાયો છે.વધતી જતી ફુલોની ડિમાન્ડ ને પગલે તેના ભાવ માં વધારો નોંધાયો છે.

જો કે અત્યારે ચૂંટણીનો પ્રચંડ પ્રચાર થઈ રહ્યો છે ત્યારે રોજ અહીં ગુલાબના હારની ડિમાન્ડ સૌથી વધુ જોવા મળે છે. ઉમેદવારોના કાર્યકર્તાઓ અહીં દરરોજ ફૂલોના હાર લઈ જતા હોય છે. ૨૫ નવેમ્બરથી લગ્ન શરૂ થઈ ગયા છે ત્યારે ગુલાબનો ભાવ વધીને ૮૦ થી ૧૦૦ રૂપિયા થશે. જ્યારે ગલગોટાનો ભાવ ૬૦ થી ૮૦ રૂપિયા થશે. અત્યારે લગ્નની સિઝનમાં ડેકોરેશન માટે ડચ ફ્લાવર કટ ફ્લાવરની માંગ સૌથી વધુ જોવા મળી રહી છે.

હિન્દુ ધર્મમાં ફૂલોનું ખાસ મહત્વ છે. અત્યંત પવિત્ર હોવાથી તેઓ પૂજા દરમિયાન દેવતાઓને અર્પણ કરવામાં આવે છે. દરેક ફૂલનું પોતાનું મહત્વ હોય છેજયોતિષ શાસ્ત્ર અનુસાર ગુલાબના ફૂલ સંબંધોને મજબૂત કરવાનું કામ કરે છે. આ ફૂલોની સીધી અસર સંબંધો પર પડે છે. જ્યોતિષશાસ્ત્રમાં લાલ ગુલાબને મંગળ અને તેની સુગંધનો સંબંધ શુક્ર ગ્રહ સાથે જણાવવામાં આવ્યો છે. લાલ ગુલાબનો ઉપયોગ પ્રેમ, આકર્ષણ, આત્મવિશ્વાસ, લગ્ન અને સંબંધોને આશીર્વાદ આપે છે. એવું માનવામાં આવે છે કે માતા લક્ષ્મીને નિયમિત રીતે ગુલાબનું ફૂલ ચઢાવવાથી વ્યક્તિની આર્થિક સ્થિતિમાં સુધારો થાય છે.ભગવાનને અર્પણ કરવામાં ગલગોટાના ફૂલોનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવે છે. ગલગોટાનું ફૂલ ગુરુ સાથે સંબંધિત છે. જ્યાં તે આકર્ષક લાગે છે ત્યાં જ મંદિરમાં તેમનો ઉપયોગ જ્ઞાન અને વૃદ્ધિની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુને નિયમિત રીતે ગલગોટાના ફૂલોની માળા અર્પણ કરવાથી વંશ સંબંધી સમસ્યાઓમાંથી મુક્તિ મળે છે.જો કે ફૂલો નિયમિત રીતે પૂજા અને ધાર્મિક પ્રસંગે ઉપયોગ માં લેવાતા જ રહે છે પરંતુ હાલમાં તેની ડિમાન્ડ સૌથી વધુ જોવા મળી રહી છે.જેના કારણે ભાવ આસમાને પહોંચી ગયા છે.

# મુકેશ પટેલ સમક્ષ પોતાની વ્યથા વર્ણવતા બોરીજના ગ્રામજનો

**બોરીજમાં ગટર-પાણી-શિક્ષણ-આરોગ્ય બાબતે કફોડી સ્થિતિ : "આપ"ના મુકેશ પટેલે બોરીજની જનતાના પડખે રહીને તેમની સમસ્યાઓ ઉકેલવાનું વચન આપ્યું.**



ગાંધીનગર, તા. ૨૮
આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે રાત્રે કલતગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના બોરીજ ખાતે જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં મુકેશ પટેલે કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા, સાથે સાથે સ્થાનિક નાગરિકો સાથે વિસ્તારના પ્રશ્નો અને સમસ્યા વિશે વિચારણા થઈ હતી. બોરીજમાં ગટર-પાણી-શિક્ષણ-આરોગ્ય બાબતે કફોડી સ્થિતિ છે. મહાનગરપાલિકામાં સમાવેશ છતાં કોઈ પ્રાથમિક સુવિધાઓના ઠેકાણાં નથી. અત્યાર સુધી ભાજપ-કોંગ્રેસ બંને પર વિશ્વાસ કરીને પસ્તાઈ રહેલાં બોરીજના સામાન્ય માનવીએ હવે પરિવર્તનનો સંકલ્પ લીધો છે અને મુકેશ પટેલને અને આમઆદમી પાર્ટીને પોતાનો સમર્થન રજૂ કરવાનું મન બનાવી લીધું છે. મુકેશ પટેલે પણ તેમની વ્યથા સાંભળી હતી અને તેમણે બોજની જનતાને વિશ્વાસ અપાવતા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ગેરંટીને બોરિજની જનતા સમક્ષ મુકતા ઉપસ્થિત ગ્રામજનોને આમ આદમી પાર્ટીને મત આપવા અનુરોધ કર્યો હતો.

# ખરેખર કામ તો કોંગ્રેસે જ કર્યુ હતું : બાબુસિંહ ઠાકોર

**માણસાના કોંગ્રેસના ઉમેદવાર બાબુસિંહે ભાજપ પર ડરાવવા-ધમકાવવાની રાજનીતિ કરવાનો આક્ષેપ**




ગાંધીનગર, તા. ૨૮
માણસા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બાબુસિંહ ઠાકોરે આજે તેમના મત વિસ્તાર માટે ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો જેમાં તેમણે માણસા વિધાનસભા બેઠક વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેવીકે ગટર - પાણી, રોડ-રસ્તાં કે ખેડૂતો માટે સિંચાઈની વ્યવસ્થા વગેરેમાં છેલ્લાં ૨૭ વર્ષથી રાજ્યમાં રાજ કરી રહેલી ભાજપ સરકાર તેમજ અત્યારે કેન્દ્ર સરકારમાં ગૃહમંત્રીનો હોદ્દો ધરાવતાં અમિત શાહનું વતન હોવા છતાં કોઈ જ નક્કર કામ કરાયું નથી અને સમગ્ર વિસ્તારને ઉપેક્ષિત રખાયો હોવાના આક્ષેપ કર્યા હતા. આ સાથે તેમણે ભાજપ દ્વારા પોલીસને ઢાલ બનાવીને કોંગ્રેસ સાથે જોડાયેલાં વિવિધ સામાજિક, ધાર્મિક અને સહકારી અગ્રણીઓ સહિત કોંગ્રેસના કાર્યકરોને ડરાવાતાં ધમકાવાતાં હોવાનો પણ આરોપ મુક્યો હતો. આ સાથે તેમણે જીતનો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "જો માણસા બેઠક પર અમે જીતીશું તો પાયાની સુવિધાઓ અંગે કાર્ય કરીશું. ખરેખર કામ તો કોંગ્રેસે જ કર્યુ હતું".

# ધણપ ચૈતન્ય ધામ પાસે ગાડીનો કાચ કાપી બેગમાંથી રૂ.૩ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૮
ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર ધણપ પાસે ચૈતન્ય ધામના પાર્કિંગમાં ટોયોટા ફોરચ્યુનર કાર મુકીને અંકલેશ્વરથી આવેલુ દંપતિ સમુહ લગ્નની મોજ માણી રહ્યા હતા. તે દરમિયાન તસ્કરોએ કારમાં ડ્રાઈવર સાઈડ પાછળના દરવાજાનો કાચ કાપી બે બેગમાંથી સોનાના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૩ લાખની મત્તાની ચોરી કરી ચોર શખ્સો ફરાર થઈ ગયા છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં ચુંટણીનો માહોલ જામ્યો છે. તો બીજીતરફ લગ્નસરાની સિઝન પણ પુરબહારમાં ખીલી ઉઠી છે. શહેરમાં એક તરફ ઉમેદવારોની રેલીઓ નીકળે છે. જયારે લગ્નની મૌસમ હોવાથી ઠેર ઠેર ડી.જે.ના ના તાલે ઝુમતા જાનૈયાઓ નજરે પડે છે. ગાંધીનગરમાં ત્રિપાંખીયો જંગ હોવાથી રાજકારણ ગરમાયું છે. ત્યારે અંકલેશ્વર સરદાર પાર્ક સોસાયટી ખાતે રહેતા પિયુષ હસમુખલાલ મહેતા અને તેમના પત્ની આશાબેન ભાણી જાન્વી અવનીશભાઈ શાહ(રહે પ્રાંતિજ)ના ઘરે લગ્ન હોવાથી મામેરુ ભરવાનું હોવાથી પાલવ હોટલમાં આમંત્રિત મહેમાનો નજરે પડ્યા હતા. જયારે મામેરૂ ભરી લીધા પછી રાત્રીના સાડા નવ વાગે દંપતિ ધણપ ગામના પાટીયા પાસે આવેલી રોયલ ફોર્ટમાં રોકાણ કર્યુ હતુ.જયારે બીજા દિવસ સવારે સમાજના સમુહ લગ્ન હોવાથી ધણપ ચૈતન્ય ધામ ખાતે કાર પાર્ક કરી હતી.બપોરના સમયે લગ્ન પુર્ણ થતા પિયુષભાઈ ગાડી પાસે ગયા હતા. ત્યારે ડ્રાઈવર સાઈડની પાછળનો કાચ કાપેલી હાલતમાં જોઈ તે ચોંકી ઉઠ્યા હતા. ગાડીમાં તપાસ કરતા છેલ્લી સીટમાં બે કપડા ભરવાની બે ટ્રોલી બેગ તેમજ તેમની પત્નીના પર્સની પણ ચોરી થઈ હતી. સૌ કોઈએ એકઠા થઈ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી.પરંતુ બેગ મળી આવી ન હતી. જેમાં પત્નીનું ચાર તોલાનું સોનાનું મંગળસુત્ર, એક તોલાની કાનમાં પહેરવાની બુટ્ટી, તેમજ રૂ.૬૦ હજાર રોકડ મળી કુલ રૂ. ૩ લાખની ચોરી કરી પલાયન થઈ જનાર ચોર શખ્સો સામે ગુનો નોંધી ચિલોડા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજથી પ્રથમ તબક્કાના વિસ્તારોમાં પ્રચાર પડઘમ બંધ થશે

ગાંધીનગર, તા. ૨૮
ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૨ માં પ્રથમ તબક્કાના ૧૯ જિલ્લાઓમાં તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨ ના મતદાન યોજાશે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે તારીખ ૨૯.૧૧.૨૦૨૨ ના સાંજના ૫.૦૦ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ રહેશે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૬ મુજબ મતદાન પૂરું થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાક એટલે કે, મતદાન પૂર્ણ થવાના સમય પૂર્વેના ૪૮ કલાકના સમયગાળા દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ છે.

જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા, પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જે તે મત વિભાગ છોડીને જતા રહે તેની ચૂંટણી તંત્રએ તથા પોલીસ વહીવટી તંત્રએ ખાતરી કરવાની રહે છે.

પ્રથમ તબક્કામાં તા. ૨૯.૧૧.૨૦૨૨ ના સાંજના ૫.૦૦ વાગ્યાથી ચૂંટણી પંચની આ સૂચનાઓનો અમલ કરાશે. જ્યારે બીજા તબક્કામાં તા. ૫.૧૨.૨૦૨૨ ના રોજ સાંજના ૫.૦૦ કલાકે મતદાન પૂરું થવાનું હોઈ બીજા તબક્કાની ચૂંટણી માટે તા. ૩.૧૨.૨૦૨૨ ના સાંજના ૫.૦૦ વાગ્યાથી ચૂંટણી પંચની આ સૂચનાઓનો અમલ કરવાનો રહે છે.

# બાપુનગર બેઠક પર કુલ ૨૯ ઉમેદવારો મેદાનમાં

**બંને પક્ષોએ આ બેઠક માટે એડી ચોટીનું જોર લગાવ્યું છે : મુખ્ય જંગ ભાજપના દિનેશ કુશ્વાહ અને આ બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય કોંગ્રેસ નેતા હિંમત સિંહ પટેલ વચ્ચે છે**

અમદાવાદ, તા.૨૮
ગુજરાત માં શહેરી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળે છે તો જોકે વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં અમદાવાદની ૧૬ વિધાનસભા પૈકી ૧૨ ભાજપ અને ચાર બેઠક કોંગ્રેસ જીતી જે પૈકીની એક બેઠક એટલે બાપુનગર. બાપુનગર બેઠક માટે કોંગ્રેસે વર્તમાન ધારાસભ્ય હિંમતસિંહ પટેલ પર પસંદગી ઉતારી તો ભાજપે દિનેશ કુશ્વાહને મેદાને ઉતાર્યા છે. બે પરપ્રાંતિય ઉમેદવારો વચ્ચે ના જંગમાં કોણ કોના પર કેટલુ ભારે પડશે .

વર્ષ ૨૦૧૦માં થયેલા નવા સિમાંકનમાં અમદાવાદમાં બાપુનગર બેઠક અસ્તિત્વમાં આવી બાપુનગર વિધાનસભા મતવિસ્તાર એ મૂળ પરંપરાગત મતવિસ્તારમાંથી વિભાજિત થયેલો.

આ બેઠકમાં અમદાવાદ મહાનગર પાલિકાના બાપુનગર રખીયાલ દરિયાપુર અને સરસપુર વોર્ડનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૨માં ભાજપાના જગરૂપ સિંહ રાજપુત અને કોંગ્રેસના ધીરુભાઈ શયાણી વચ્ચે ટક્કર હતી ૬૪.૮૧ ટકા મતદાન થયુ હતું, જેમાં જગરૂપ સિંહ રાજપુતને ૫૧૦૫૮ અને ધીરૂભાઈને ૪૮૪૫૫ મત મળ્યા માત્ર ૨૬૦૩ મતે જગરૂપસિંહનો વિજય થયો

વર્ષ ૨૦૧૭માં ભાજપે જગરૂપસિંહને રીપીટ કર્યા તો કોંગ્રેસે પૂર્વ મેયર હિમંત સિંહ પટેલને મેદાને ઉતાર્યા હતા. આ ચૂંટણીમાં ૬૬.૪૨ ટકા મતદાન થયું હતું.

જેમાં કોંગ્રેસના હિંમતસિંહ પટેલને ૫૮૭૮૫ અને જગરૂપસિંહ રાજપુતને ૫૫૭૧૮ મત મળ્યા માત્ર ૩૦૬૭ મતથી હિંમતસિંહ નો વિજય થયો હતો.બાપુનગર વિધાનસભા બેઠકમાં રખીયાલના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર અને કેટલાક અમરાઈવાડીના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારનો સમાવેશ થાય છે.

ભારત દેશના તમામ ખુણામાંથી લોકો અહી રોજગાર મેળવવા માટે સ્થાયી થયા જેના કારણે પરપ્રાંતિય ઓબીસી દલિત અને માઈનોરીટી સમાજ ચૂંટણીમાં નિર્ણાયક બન્યો છે. બેઠકના જાતિગત સમિકરણની વાત કરીએ તો ૨૦૭૫૦૦ મતદારોથી બનેલી બેઠકમાં ૧૮૦૦૦ પટેલ, ૩૩૦૦૦ પરપ્રાંતિય, ૪૬૦૦૦ મુસ્લિમ, ૩૫૦૦૦ દલિત ૬૫૦૦૦ ઓબીસી ૨૫૦૦ વણીક , ૭૦૦૦ બ્રાહ્મણ અને ૪૦૦૦ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રધાનમંત્રીના ચહેરા, રાષ્ટ્રવાદ સર્જીકલ સ્ટ્રાઈક તથા આતંકવાદના મુદ્દે ચૂંટણી લડી રહ્યા છે.

તેમનો દાવો છે કે આ જંગમાં તેમનો વિજય થશે.વર્તમાન ચૂંટણીમાં બાપુનગર બેઠક એટલા માટે ચર્ચામાં છે કેમ કે ત્યાં અમદાવાદની તમામ બેઠકો પૈકી સૌથી વધારે ઉમેદવાર છે ભાજપ કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને અન્ય પક્ષ તથા અપક્ષ મળી કુલ ૨૯ ઉમેદવારો મેદાને છે. જે કોઈ પણ પાર્ટીના હાર અને જીતના ગણિતને ફેરવી શકે છે. વર્ષ ૨૦૧૦ માં અસ્તિત્વમાં આવેલી બાપુનગર બેઠક પર વર્ષ ૨૦૧૨માં ભાજપ અને વર્ષ ૨૦૧૭માં કોંગ્રેસનો વિજય થયો અને બંને ચૂંટણીમાં જીતનું અંતર ૩૫૦૦ મત કરતાં પણ ઓછુ હતુ બંને પક્ષોએ આ બેઠક માટે એડી ચોટીનું જોર લગાવ્યું છે. જોવાનું એ છે કે કોની મહેનત પરિણામ સુધી પહોચે છે.

# માણસા બેઠક પર ભાજપનું પલ્લું ભારે કરતાં જે.એસ.પટેલ



ગાંધીનગર, તા. ૨૮
ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણીઓમાં પ્રચાર કાર્ય અત્યારે ચરમસીમાએ છે. દરેક ઉમેદવારો અને રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પૈકી એક માણસા બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ માણસાના ભામાશા તરીકે જાણીતા જયંતિભાઈ ઉર્ફે જે.એસ. પટેલને મેદાનમાં ઉતાર્યા છે જેમણે કોરોના મહામારી દરમ્યાન તેમના અવિરત સેવાકાર્યોથી સૌનું ધ્યાનાકર્ષિત કર્યુ હતું. સૌને સાથે લઈને ચાલવાનો સ્વાભાવ ધરાવતા જે. એસ.પટેલે તેમના પ્રચાર કાર્ય દરમ્યાન વિવિધ સમાજ અને સમાજિક સંગઠનો સાથે બેઠકો યોજીને આ વખતે ભાજપને જીતાડવા અપીલ કરી છે જેને લગભગ સાર્વત્રિક આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. આ સાથે જે.એસ.પટેલે સ્થાનિક સમસ્યાઓને ઉકેલવા બાબતે હંમેશા કાર્યરત રહેવાનું આ વિસ્તારના મતદારો સમક્ષ નિર્ધાર જાહેર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે માણસા વિધાનસભા બેઠક હાલ કોંગ્રેસ પાસે છે પરંતુ આ વખતે જે.એસ.પટેલના કારણે ભાજપનું પલ્લું ભારે જણાય છે.

# આજે સેકટર-૧૪ માં સુંદરકાંડપાઠ નું આયોજન

ગાંધીનગર, તા. ૨૮
શ્રી રામચરતિમાનસના પંચમ સોપાન સુંદરકાંડ સંગીતમય પાઠ નું યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા- ૨૯/૧૧/૨૨ નારોજ રાત્રે ૮ કલાકે MiG નવરાત્રી ચોક પાસે સેકટર-૧૪ ગાંધીનગર ખાતે ધર્મ આર્યં પરિવાર ધ્વારા રાખેલ છે. તો ભકતજનોને પધારવા પ્રેમભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું.

# કચ્છનાં ઉમેદવાર અચાનક ગુમ થયા, થોડીવારમાં ભાજપ સાથે દેખાયા

**ગુજરાત ચૂંટણી પહેલા જ આપને વધુ એક ઝટકો! : સુરતમાં પણ પૂર્વના આપના ઉમેદવાર કંચન જરીવાલા ફોર્મ ભર્યા બાદથી આ રીતે ગુમ થઈ ગયા હતા**

ગાંધીનગર, તા. ૨૮
જેમ જેમ ગુજરાતમાં ચૂંટણી નજીક આવે છ તેમ તેમ પક્ષોનાં નાના મોટા ખેલ પ્રજા સામે આવતા જાય છે. આવું જ કાંઈ કચ્છમાં થયું છે. ચૂંટણી પહેલા આપને વધુ એક ઝટકો લાગ્યો છે. કચ્છના અબાડાસામાં આપના ઉમેદવાર વસંત ખેતાણીએ ભાજપ ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજાને સમર્થન આપ્યું છે. પહેલા વસંત ખેતાણી નાટ્યાત્મક રીતે ગાયબ થઈ ગયા હતા. જે બાદ તેમણે ભાજપનાં ઉમેદવારને સમર્થન આપતો વીડિયો જાહેર કર્યો હતો. કચ્છમાં અબડાસા વિધાનસભા બેઠકના આપનાં ઉમેદવાર વસંત ખેલાણીએ ભાજપને ટેકો જાહેર કર્યો છે. તેમણે એક વીડિયો પણ બનાવીને કહ્યું છે કે, તેઓ આપ પક્ષ છોડી રહ્યા છે અને દેશ હિતમાં ભાજપમાં જોડાઈ રહ્યા છે. આ બાદ તેમનો ભાજપના હોદ્દેદારો સાથે ખેસ પહેરતો ફોટો પણ સામે આવ્યો હતો.

તેમણે જણાવ્યુ કે, બીજેપી અમારા ઉમેદવારોને શારીરિક, માનસિક અને ભાવનાત્મક દબાણ પણ કરે છે. બીજી તરફ કચ્છ જિલ્લા પોલીસ વડાએ અપહરણની વાતને નકારી હતી અને તેઓ જાતે જ ગયા હોવાનું જણાવ્યુ હતું. નોંધનીય છે કે, સુરતમાં પણ પૂર્વના આપના ઉમેદવાર કંચન જરીવાલા ફોર્મ ભર્યા બાદથી આ રીતે ગુમ થઈ ગયા હતા. જે બાદ બીજા દિવસે તેઓ અચાનક નોડલ ઓફિસર સમક્ષ આવીને પોતાનું ફોર્મ પાછું ખેંચી લીધું હતું. આ વખતે પણ ભાજપ દ્વારા તેમને ફોર્મ પરત લેવા દબાણ કરાયું હોવાના આપ દ્વારા આક્ષેપ લાગ્યા હતા. જોકે, બાદમાં તેમણે પોતે પણ વીડિયો બનાવી અંગત કારણોસર પાર્ટી છોડી હોવાનું કહ્યું હતું. નોંધનીય છે કે, વર્ષ ૧૯૬૨થી વર્ષ ૨૦૨૦ સુધીમાં અબડાસા વિધાનસભા સીટ પર ૧૪ વખત ચૂંટણી યોજાઈ છે. જેમાં સૌથી વધુ ૧૦ વખત કોંગ્રેસે જીતની બાજી મારી છે, જ્યારે ભાજપ માત્ર ૪ વખત આ બેઠક જીતવામાં સફળ રહ્યું છે. હાલ આ બેઠક પર પક્ષપલટો કરીને કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા ધારાસભ્ય છે.